## વેડિંગ ડેસ્ટિનેશન

# રોમાન્ટિક રમણીયતા

રાજસ્થાનની રમણીયતા નવદંપતીને કે પછી હનીમૂન કપલ્સને નવજીવનની શરૂઆત કરવા માટે શ્રેષ્ઠ સ્થળો પૂરાં પાડે છે. ઘણું વૈવિધ્ય છે અહીંઃ ભવ્ય વારસા સમા મહાલય, કિલ્લા, સુંદર બગીચા, નયનરમ્ય તળાવો, ભવ્ય પહાડો અને નજર નાખો ત્યાં સુધી ફેલાયેલાં રણ, વગેરે. આ સ્થળો પર ઈચ્છો એવા સમારંભો યોજી શકાય છે. આ જ કારણે રાજસ્થાન વિશ્વના સૌથી માનીતા વેડિંગ ડેસ્ટિનેશન તરીકે ઊભરી રહ્યું છે. નવપરિણીત દંપતી આ ભવ્ય મહેલો કે હવેલી રિસોર્ટ્સમાંથી જે ગમે તે સ્થળ પસંદ કરીને એકમેકને જાણવાના પ્રવાસનો આરંભ કરી શકે છે.



રાજસ્થાનમાં જો તમારાં લાડલા કે લાડલીનાં લગ્નનું આયોજન કરવું હોય તો અહીંના વ્યાવસાયિક વેડિંગ પ્લાનર્સ પરીકથા જેવા લગ્નસમારંભનો અનુભવ આપવા રાજસ્થાનનાં વિવિધ રિસોર્ટ્સ અને હોટેલ્સમાંથી તમારું મનપસંદ સ્થળ ઉપલબ્ધ કરાવી આપે છે, જ્યાં તમને દેશ-વિદેશનાં સ્વાદિષ્ટ વ્યંજનો તથા ઉચ્ચ કક્ષાની સર્વિસીસ પૂરી પાડવામાં આવે છે. આ બધું છેવટે તમને જીવનભરનો એક યાદગાર અનુભવ આપી જાય છે. આ જ કારણસર રાજસ્થાન આજે લગ્નસમારંભ માટે હૉટ સ્પૉટ બની ગયું છે. એટલે જ બોલીવૂડની ફિલ્મમાં લગ્નનાં દશ્યો ફિલ્માવવાનાં હોય ત્યારે રાજસ્થાનની પસંદગી થાય છે અને એટલે જ ભારતના સૌથી વધુ ધનિક ઉદ્યોગપતિ પણ પોતાની દીકરીનાં લગ્ન માટે દુનિયાના કોઈ પણ શ્રેષ્ઠ સ્થળને પસંદ કરી શકતા હોવા છતાં રાજસ્થાન પર પસંદગીનો કળશ ઢોળે છે.

અલબત્ત, દરેકને આવા ભવ્ય અને ખર્ચાળ સમારંભોનું આયોજન પરવડે નહીં. આમ છતાં જેમનું બજેટ ટાઈટ હોય એવા લોકો માટે પણ પ્રમાણમાં સસ્તાં એવાં ઘણાં ખૂબસૂરત રિસોર્ટ્સ અને હેરિટેજ હોટેલ્સ રાજ્યભરમાં ઉપલબ્ધ છે.

તમારે કોઈ અલાયદા ટાપુ પર લગ્નસમારંભ યોજવો છે? નવવધૂની પાલખીની આગળ ભવ્ય રીતે શણગારેલાં હાથી અને ઊંટનું સરઘસ કાઢવું છે? અફાટ રણમાં આકાશમાં ચમકતા તારા તળે સમારંભ યોજવો છે? ખૂબસૂરત જલમહેલમાં યોજાયેલા રિસેપ્શનમાં સુંદર રીતે શણગારેલી નાવમાં વર-વધૂનું આગમન થાય એવું તમે ઈચ્છો છો? આ બધું જ શક્ય છે. રૉયલ રાજસ્થાનમાં તમે ઈચ્છો એટલા રોમાન્ટિક થઈ શકો છો, કેમ કે અહીંના રમણીય માહોલમાં કુદરતી અને માનવસર્જિત એમ બન્ને પ્રકારનો રોમાન્સ ઠાંસીને ઠાંસીને ભરેલો છે.

રાજસ્થાનની હેરિટેજ હોટેલ્સ અને હવેલીઓ લગ્ન પહેલાં અને પછી યોજાતા વિવિધ સમારંભો માટે તમને એકથી એક ચડિયાતાં ઈનડોર અને આઉટડોર સ્થળો ઉપલબ્ધ કરાવી શકે છે. ઝગમગતાં મ્યુરાલ્સથી શોભતાં વિશાળ કોર્ટ યાર્ડ્સ, ગમે ત્યારે વિશાળ વેડિંગ બૅન્ક્વેમાં પરિવર્તિત થઈ શકતા અદ્ભુત સાજ-સજાવટવાળા દરબાર હૉલ્સ, બગીચા અને આહ્લાદક ફુવારાના માહોલમાં રોપાયેલા મંડપ, કૅન્ડલ લાઈટ ડિનર યોજી શકાય એવાં સેટિંગ્સ, વિશાળ હરિયાળી લોન્સ પર રાજસ્થાની લોકકલાકારોના મનોરંજક કાર્યક્રમો સાથેનું ભવ્ય રિસેપ્શન... આ બધું જ અહીં શક્ય છે. સાથે સાથે અહીં સ્પા પણ ઉપલબ્ધ છે, જેમાં ખુશખુશાલ દંપતી નિરાંતની પળો માણતાં માણતાં આગામી સમારંભો પહેલાં પોતાની ખૂબસૂરતીને નિખારી શકે.

## ટૉપ વેડિંગ ડેસ્ટિનેશન્સ

જયપુર, જોધપુર, ઉદયપુર, જેસલમેર, બિકાનેર જેવાં સ્થળો તો લોકપ્રિય વેડિંગ હબ્સ છે જ, પરંતુ રાજ્યનાં અન્ય શહેરો પણ વેડિંગ ડેસ્ટિનેશન્સ તરીકે વિશેષ સુવિધાઓ ઑફર કરતાં થયાં છે. આપણે જોઈએ મુખ્ય સ્થળો:

### જયપુર

આ શહેર રાજસ્થાનની રાજધાની છે, જ્યાં સંખ્યાબંધ ગ્રાન્ડ હેરિટેજ હોટેલ્સ અને અદ્ભુત હવેલીઓ છે. આ સ્થળો વેડિંગ કે હનીમૂન માટે





Decorated Dyning Table



ગ્લૅમરસ અને રોમાન્ટિક માહોલ ધરાવે છે. આ શાહી શહેર એના રાજવી ભપકા માટે વિખ્યાત છે. મુખ્ય લગ્નસમારંભ તથા એ પહેલાંના મહેંદી કે સંગીત જેવા કાર્યક્રમ અથવા લગ્નનો ભોજનસમારંભ, વગેરેનાં આયોજન માટે આ શહેર એક શ્રેષ્ઠ પસંદગી છે. ડેસ્ટિનેશન વેડિંગના આયોજન માટે આ શહેર હૉટ સ્પૉટ છે અને એ માત્ર નવદંપતીને જ નહીં, મહેમાનોને પણ ગમી જાય એવું છે. અહીં ઐતિહાસિક કિલ્લાની અને દીપડાના અભયારણ્યની મુલાકાતે જવા હૉટ ઍર બલૂન રાઈડ્સ લઈ શકાય છે. અહીં સ્વાદિષ્ટ ભોજનો અને શૉપિંગનો લહાવો પણ માણી શકાય છે. ટૂંકમાં, આ શહેરમાં એટલી રોમાંચક પ્રવૃત્તિઓ કરી શકાય છે કે લગ્નનો અનુભવ યાદગાર બની જાય.

## ઉદયપુર

મેવાડના રાજવીઓનો ગઢ ગણાતા ઉદયપુરના જલમહેલો વિશ્વનાં રોમાન્ટિક સ્થળોમાં એક વિશેષ સ્થાન ધરાવે છે. એક અગ્રણી હોટેલ ચેઈન અહીં હેરિટેજ હોટેલ ધરાવે છે, જે હકીકતમાં વિશ્વનો સૌથી રોમાન્ટિક જલમહેલ છે. આ જલમહેલ પિછોલા લેકની વચ્ચોવચ આવેલો છે અને એમાં નૌકાવિહાર કરતાં જઈ શકાય છે. આ નૌકાવિહાર નવવધૂ અને એની સખી-સહેલીને એક્સાઈટિંગ બનાવી દે છે. પિછોલા સરોવરમાં આવેલો જગમંદિર ટાપુ પણ ભવ્ય સમારંભો યોજવા માટે આદર્શ સ્થળ છે. આ શહેરમાં આવાં તો ઘણાં હેરિટેજ સ્થળો છે, જ્યાં વિવિધ સમારંભ યોજી શકાય છે.

બીજી બાજુ, અહીંના ફતેહ સાગર સરોવરમાં બોટ-રાઈડ લેવી કે ગુલાબ બાગમાં પ્રાઈવેટ વૉક પર જવું, વગેરેની મજા માણવા જેવી છે. આ ઉપરાંત, મહેમાનો અહીં વિશ્વપ્રસિદ્ધ વિન્ટેજ કાર મ્યુઝિયમની મુલાકાત લઈ શકે છે તથા શહેરમાં ને શહેરની બહાર આવેલાં એકલિંગજી ને નાથદ્વારા જેવાં જૂનાં મંદિરોનાં દર્શને પણ જઈ શકે છે. જૂના ઉદયપુરમાં જરઝવેરાત અને કપડાંની ખરીદીને તો કેમ ભુલાય, ભલા?

## જોધપુર

થરના રણની નજીક આવેલા આ અંતરિયાળ નગરમાં પૂનમની રાતે નગરની સ્કાયલાઈનની પશ્ચાદ્ભૂમાં મહેરાનગઢની આઉટલાઈન જોવી એ એક યાદગાર અનુભવ છે. અહીં વિશ્વનું સૌથી મોટું ખાનગી શાહી નિવાસસ્થાન આવેલું છે, જેમાં અદ્ભુત ડેકો-સ્ટાઈલ રૂમ્સ છે. આ સ્થળ હકીકતમાં સૌથી લોકપ્રિય મહેલોમાંનો એક છે, જેમાં વેડિંગ્સ અને યાદગાર હનીમૂન યોજી શકાય છે. મહેલની અટારીએ કૅન્ડલ લાઈટ ડિનર અથવા પરિવાર અને સગાંવહાલાં અને મિત્રો માટે શાનદાર બૅન્ક્વે યોજી શકાય છે. આ બધું જ અહીંના રાજવી નિવાસમાં પરીકથા જેવું જ શાનદાર હોય છે. અહીં યોજાતા સમારંભોની વચ્ચેના સમયમાં તમે મહેલના ખાનગી મ્યુઝિયમમાં, સુવેનિયર શૉપમાં અને હરિયાળી લોન્સ પર લટાર મારી શકો છો.

જો કે એ પણ યાદ રાખવા જેવું છે કે આ શહેરની આસપાસ તમને બીજાં ઓછાં ખર્ચાળ સ્થળો પણ લગ્નસમારંભ માટે મળી શકે છે. શહેરની ભાગોળે જ કેટલીક સુંદર હેરિટેજ હવેલીઓ છે, જે રિસોર્ટ્સમાં ફેરવાઈ ચૂકી છે. ત્યાં પણ તમે ચાહો એ અવસર ઊજવી શકો છો. અહીં રણમાં રેતના ઢૂવા વચ્ચે ચમકતા તારા નીચે રાજસ્થાની લોકસંગીત સાંભળતાં સાંભળતાં તથા લોકનૃત્યો જોતાં જોતાં તમે ડિનરનો આનંદ માણી શકો છો.

## જેસલમેર

છેલ્લા થોડા સમયથી વેડિંગ અને હનીમૂન ડેસ્ટિનેશન તરીકે ઊભરી રહેલું ગોલ્ડન ફોર્ટવાળું આ શહેર તમારા મનમાં સુવર્ણ સ્મૃતિ સર્જી શકવાની ક્ષમતા ધરાવે છે. જેસલમેર થરના રણની નજીક આવેલું છે એટલે એ સેમ તથા ખુરીના રેતના પ્રખ્યાત ઢૂવાઓનો અદ્ભુત અનુભવ આપતા ઈવેન્ટ્સનાં આયોજન માટે એક આદર્શ બેઝ સાબિત થઈ શકે છે. અહીં સૂર્યોદય, સૂર્યાસ્ત અને પૂનમની રાતો નિહાળવાનો લહાવો કંઈક ઔર જ છે. શાંત ગદીસર લેક તમને એક વિશેષ અનુભવ કરાવે છે. આ ઉપરાંત, જેસલમેરમાં તમે શૉપિંગ કરી શકો છો, રણવિસ્તારના પ્રવાસમાં જાતજાતનાં સ્વાદિષ્ટ વ્યંજનો માણી શકો છો તથા લોકકલાકારો દ્વારા પીરસાતા મનોરંજનનો આનંદ પણ લઈ શકો છો. શહેરમાં પ્રાચીન મંદિરો અને હવેલીઓની મુલાકાત પણ લઈ શકાય છે અને ડેઝર્ટ નૅશનલ પાર્કમાં ઊંટની સવારીનો આનંદ પણ માણી શકાય છે.

## બિકાનેર

રણની નજીક આવેલું આ શહેર એના લક્ઝરી રિસોર્ટ્સમાં તમને એક યાદગાર વેડિંગ એક્સપિરિયન્સ આપી શકે છે. અહીંથી નજીકમાં આવેલી છે ગજનેરહાસ નામની લેકસાઈડ હન્ટિંગ લોજ, જે હવે લક્ઝરી હોટેલમાં તબદીલ થઈ ચૂકી છે. અહીંના પ્રાઈવેટ જંગલ વિસ્તાર તથા નયનરમ્ય સરોવરના માહોલમાં તમે તમામ પ્રકારના ઈવેન્ટ્સ યોજી શકો છો.